## (1) વિશ્વ પર્યટન દિવસના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) વિશ્વ પર્યટન દિવસનું આયોજન સંયુકત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે.

(2) વર્ષ 2020ના આ દિવસની થીમ “પર્યટન અને શહેરી વિકાસ” રાખવામાં આવી હતી.

(3) વર્ષ 2020ના આ દિવસે ભારત સરકાર દ્વારા SAATHI નામની એપ્લિકેશન લોન્ચ કરી હતી.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ પ્રત્યેક વર્ષ 27 સપ્ટેમ્બરના દિવસને સંયુકત રાષ્ટ્ર પર્યટન દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ એ “પર્યટન અને ગ્રામીણ વિકાસ” રાખવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 2020ના આ દિવસના અવસર પર પર્યટન મંત્રાલય દ્વારા SAATHI એપ્લિકેશનને ઉત્સવના એક ભાગના રૂપે લોન્ચ કરવામાં આવી હતી.

⇛ SAATHI એક પહેલ છે જેને પર્યટન મંત્રાલયે ભારતની ગુણવત્તા પરિષદ સાથે મળીને શરૂ કરી હતી.

⇛ SAATHIનું પૂરું નામ "Sophisticated Analytical and Technical Help Insitute" છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ભારત દ્વારા નેપાળને પૂરી પાડવામાં આવેલ ટ્રેનના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) ભારત દ્વારા નેપાળને 1600 હોર્સપાવરની બે ટ્રેનો પૂરી પાડવામાં આવી હતી.

(2) આ ટ્રેનની ડીઝાઈન નેપાળ ખાતે બનાવવામાં આવી હતી.

(3) આ ટ્રેનો આ ટ્રેનો ભારતના જયનગરથી (બિહારમાં) નેપાળ (34 કિમી) સુધી ધનુષા જિલ્લામાં કુર્થા વચ્ચે ચલાવવામાં આવશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 18 સપ્ટેમ્બર 2020ના રોજ કોંકણ રેલ્વે ભારતીય રેલ્વેની શાખા નેપાળ સરકારને 1600 હોર્સપાવરની બે ટ્રેનો પૂરી પાડવામાં આવી હતી.

⇛ આ ટ્રેનો ચેન્નાઈની ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરીમાં બનાવવામાં આવી છે અને ડિઝાઈન કરવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ટ્રેનો ભારતના જયનગરથી (બિહારમાં) નેપાળ (34 કિમી) સુધી ધનુષા જિલ્લામાં કુર્થા વચ્ચે ચલાવવામાં આવશે.

⇛ નેપાળ રેલ્વે વિભાગ અને કોંકણ રેલ્વે નિગમ લિમિટેડે 15 મે 2019ના રોજ નેપાળમાં બે ડેમો ટ્રેનો પહોંચાડવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

⇛ આ ટ્રેનોનું નિર્માણ ભારત સરકારની નીતિ 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) નવા સંસદ ભવનના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) નવા સંસદ ભવનનું નિર્માણ એ ટાટા કંપની દ્વારા કરવામાં આવશે.

(2) નવા સંસદ ભવનનું નિર્માણમાં 1000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

(3) નવા સંસદ ભવનના નિર્માણની કામગીરીનું સેન્ટ્રલ પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવી રહયું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 16 સપ્ટેમ્બર 2020ના રોજ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ નવા સંસદ ભવનના બાંધકામ માટેના કરાર મેળવવામાં સફળ થયા હતા.

⇛ ટાટાએ 861.90 કરોડના સંસદ ભવનના બાંધકામ ખર્ચના આધારે કરાર જીત્યો છે.

⇛ ટાટાએ બાંધકામ માટેના બિડમાં લાર્સન અને ટુબ્રોને પાછળ છોડી દીધા, જેમાં રૂ. 865 કરોડની બોલી હતી.

⇛ સેન્ટ્રલ પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટે 16 સપ્ટેમ્બર 2020ના રોજ નવી સંસદની રચના માટે બિડ શરૂ કરી હતી, જેમાં નિર્ણય ટાટા જૂથની તરફેણમાં હતો.

⇛ સેન્ટ્રલ પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટે નવા સંસદ ભવનના નિર્માણ માટે રૂ. 940 કરોડ અને 21 મહિનાનો ખર્ચ અંદાજ્યો હતો.

⇛ સંસદનું નવું મકાન ત્રિકોણાકાર સ્વરૂપમાં ડિઝાઈન કરવામાં આવે તેવી સંભાવના છે.

⇛ હાલની કેન્દ્ર સરકાર આ પ્રોજેક્ટને વહેલી તકે શરૂ કરવા માટે છે જેથી ઈમારત દેશની આઝાદીની ૭૫મી વર્ષગાંઠ સુધી 15 ઓગસ્ટ, 2022 સુધીમાં તૈયાર થઈ જાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) રાષ્ટ્રીય તબીબી આયોગના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાનો સાચા છે ?**

(1) તે એક બંધારણીય સંસ્થા છે.

(2) તેના અંતર્ગત અધ્યક્ષ સહિત કુલ 33 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(3) આ આયોગનું કાર્ય એ દેશમાં તબીબી શિક્ષણ અને તેના નિયમનકારના રૂપમાં કાર્ય કરવાનું છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા એક સૂચના અનુસાર, રાષ્ટ્રીય તબીબી આયોગ દેશના તબીબી શિક્ષણ અને વ્યવસાયના ટોચનાં નિયમનકાર તરીકે અસ્તિવમાં આવ્યું છે.

⇛ આમ, દેશમાં તબીબી શિક્ષણનું નિયમન હવે તેના દ્વારા કરવામાં આવશે.

⇛ આ સાથે, ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, 1956 રદ કરવામાં આવ્યો છે અને હવે નેશનલ મેડિકલ કમિશન એક્ટ, 2019 અમલમાં આવ્યો છે. આથી તે એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ રાષ્ટ્રીય તબીબી આયોગ હેઠળ ચાર બોર્ડની રચના પણ કરવામાં આવી છે, જે રાષ્ટ્રીય તબીબી આયોગને તેના રોજિંદા કામમાં મદદ કરશે.

⇛ રાષ્ટ્રીય તબીબી આયોગમાં કુલ 33 સભ્યો હશે. જેની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા વિશેષ સમિતિની ભલામણો પર કરવામાં આવશે.

⇛ રાષ્ટ્રીય તબીબી આયોગનું મુખ્ય કાર્ય તબીબી ક્ષેત્રના નિયમનકારી શાસનને સુવ્યવસ્થિત કરવું, સંસ્થાઓનું મૂલ્યાંકન કરવું અને સંશોધન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) જીબુતી આચાર સંહિતાના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) ભારત તાજેતરમાં આ આચાર સંહિતાના પૂર્ણ સદસ્ય તરીકે શામેલ થયું છે.

(2) આ આચાર સંહિતા પશ્ચિમ હિંદમહાસાગર અને એડેનના અખાતમાં ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટને રોકવાના વિષયને લગતી છે.

(3) આ આચાર સંહિતા અંતર્ગત શંકાસ્પદ જહાજોને અટકાવવા અને તેમાં રહેલ માલને જપ્ત કરવાનો પણ સમાવેશ થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- B

**સમજૂતી :**

⇒ ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા વધારવા જીબુતીઆચારસંહિતા'માં **(DCOC-Djibouti Code of Conduct)** નિરીક્ષક તરીકે સામેલ થયું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ જીબુતી આચારસંહિતાને પશ્ચિમ હિંદમહાસાગર અને એડેનના અખાતમાં ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટને રોકવાના વિષયને લગતી આચારસંહિતા તરીકે ઓળખવામાં આવે છે.

⇒ પશ્ચિમ હિંદમહાસાગર ક્ષેત્ર, એડનનો અખાત અને લાલ સમુદ્રમાં ચાંચિયાગીરી અને સશસ્ત્ર લૂંટફાટ સામે લડવા માટે 29 જાન્યુઆરી, 2009ના રોજ 'જીબુતી આચારસંહિતા' અપનાવવામાં આવી હતી.

⇒ આ આચારસંહિતા પર હસ્તાક્ષર કરનાર દેશો મુખ્યત્વે નીચેના ક્ષેત્રોમાં સહકાર આપવા સંમત થયા છે.

(1) એવા લોકોની તપાસ અને ધરપકડ કરવી જેમના પર સમુદ્રી જહાજો પર ચોરી કરવાનો અને સમુદ્રી લુંટ કરવાની શંકા હોય. તેમાં કોઈ અન્ય વ્યકિતને આ કૃત્ય કરવા માટે ઉશ્કેરનાર અને કૃત્યને સુવિધાજનક બનાવનાર લોકોનો પણ સમાવેશ થાય છે.

(2) શંકાસ્પદ જહાજોને અટકાવવા અને તેમાં રહેલ માલને જપ્ત કરવો.

(3) ચાંચિયાગીરી અને લૂંટથી અસરગ્રસ્ત જહાજો, વ્યકિતઓ અને સંપત્તિઓનો બચાવ કરવો તથા સમુદ્રી લૂંટ અને ચોરી જેવા કાર્યોમાં ધરપકડ કરાયેલા દરિયાઈ મુસાફરો, માછીમારો, જહાજના કર્મચારીઓ વગેરેને સ્વદેશ પાછા મોકલવા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT